# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં./મા-૨/૨૦૨૫/ 11050 — તા.૦૯/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.

વિષય:-વર્ષ-૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની બાકી કામગીરી પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ:- નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, નાનપુરા, સુરતનો પત્રાંક નંબર:-ના.નિ.અજાક/પો.-મેટ્રિક/૨૦૨૫-૨૬/૨૬૮૪ થી ૨૬૯૪ તા.૨૮/૦૮/૨૦૨૫ પત્ર અન્વયે.

આ સાથે નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, નાનપુરા, સુરતના સંદર્ભ દર્શિતપત્ર અન્વયે જણાવવાનું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ્ર-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની જે શાળાની બાકી હોય તે શાળાએ તા.૧૫/૦૯/૨૦૨૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહી જશે તો તેની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ખૂબ જ અગત્યનું/તાત્કાલિક

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,


સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in ફોન નં. ૦૨૬૧ – ૨૪૬૪૪૩૦


નં.-ના.નિ.અજાક/પો.મેટ્રીક/2025-26/ ૨૬૮૪૫૧૨૬૮ તા.28/8/2025

પ્રતિ ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૨) રજીસ્ટ્રારશ્રી,ઓરો યુનિવર્સીટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ
(૩) રજીસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સીટી
(૪) રજીસ્ટ્રારશ્રી,પી પી સવાણી યુનિવર્સીટી
(૫) રજીસ્ટ્રારશ્રી,સાર્વજનિક યુનિવર્સીટી
(૬) રજીસ્ટ્રારશ્રી,ઉકા તરસાડીયા યુનિવર્સીટી
(૭) રજીસ્ટ્રારશ્રી,વનીતા વિશ્રામ વુમેન્સ યુનિવર્સીટી
(૮) કુલ સચિવશ્રી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી
(૯) રજીસ્ટ્રારશ્રી,વિદ્યાદીપ યુનિવર્સીટી
(૧૦) આચાર્યશ્રી , આઈ.ટી.આઈ , સુરત

વિષયઃ- વર્ષ–૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪ તથા વર્ષ-૨૦૨૪-૨૫ની ડિજીટલ ગુજરાત પોર્ટલમાં આચાર્ય લેવલ પરની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિની પડતર અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ–૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪ તથા વર્ષ-૨૦૨૪-૨૫ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ઘણી દરખાસ્તો ડિજીટલ ગુજરાત પોર્ટલમાં આચાર્ય લેવલ પર પડતર રહેલ છે તેવું જણાયેલ છે

શૈક્ષણિક વર્ષ- ૨૦૨૪-૨૦૨૫ પૂર્ણ થયેલ હોવા છતાં સુરત જિલ્લાની ઘણી ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજ/સંસ્થા ની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ નથી તથા digital gujarat પોર્ટલ પર આચાર્ય લેવલ પર પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની અરજીઓ પડતર રહેલ છે તેવું જોવા મળેલ છે. નિયામક,અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની સૂચના મુજબ કેંદ્ર પુરુસ્કૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતગર્ત રાજ્યમાં 40% ચુકવણું થયા બાદ કેંદ્ર ફાળાનુ 60% ચુકવણું કરવા ડેટા NSP ને મોકલવાનો હોય, શૈક્ષણિક વર્ષ–૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪ તથા વર્ષ-૨૦૨૪-૨૫ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી તા-૧૫/૦૯/૨૦૨૫ સુધીમા પૂર્ણ કરવા જણાવેલ છે.આથી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજો /સંસ્થા ને તાત્કાલીક પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અરજી DIGITAL GUJARAT PORTAL મારફત online મોકલવી તથા હાર્ડ કોપી ચેક લીસ્ટ મુજબ તમામ જરૂરી સાધનિક કાગળો સહિત ઘટતિ કાર્યવાહી કરી અત્રેની કચેરી ને તાત્કાલિક કચેરીમાં રજૂ કરવા જણાવવામાં આવે છે.